સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

નશામાં એ ચકચૂર, ગરીબી મચડી નાખે છે,
બગડેલી ઓલાદ જિંદગીઓ ભચડી નાખે છે,
જીવે છે બેફામ એમને કિંમત નથી જીવનની -
વાલી વિત્તના નશામાં કાયદા કચડી નાંખે છે
(હીટ એન્ડ રન)

કલાકારોની -
કીર્તિ બફાઇ જશે -
બે મિનિટમાં..
(મેગી ના પ્રચારકો)

દીધાં વચન -
દે માથાંનો દુખાવો -
બન્યાં દુષ્કર..
(વન રેંક-પેન્સન)

હાઈકુ

ચિંતન

યસ્ય ન જ્ઞાયતે વીર્યં ન કુલં ન વેચિષ્ટતમ્ । ન તેન સંગતિં કુર્યાદિત્યુવાય બૃહસ્પતિઃ ॥

'તેનું તેજ, આભા, પ્રભાવ-વીર્ય અર્થાત પરાક્રમ-કાર્ય-કારોબાર, કુળ અને આચાર-વિચાર વ્યવહારની જાણ ન હોય, જાણવા ન મળ્યા હોય એવાની સોબત ન કરવી - એવું બૃહસ્પતિ સંહિતામાં કહેવામાં આવ્યું છે.'

આજકાલ 'એક દૂજે કે લિયે' અને 'લવ એટ ફર્સ્ટ સાઇટ'ના ઝંડા ઉપાડી યુવા પેઢી નિકળી પડી છે વોટ્સઅપ અને કોમ્પ્યુટર-ઇમેલ-ગુગલ જેવા આધુનિક ફેસબૂક જેવાં સાધનો દ્વારા મૈત્રી બાંધી - માત્ર સંદેશાની મીઠી-મીઠી મજાક અને આપ-લે દ્વારા પરિચય કેળવી - મૈત્રી - સોબત ને લગ્નની પરાકાષ્ઠા સુધી પહોંચાડતા યુવકો નથી સામા પાત્રનો સ્વભાવ, કુળના આચાર-વિચાર, રિવાજ-રીતભાત-ધર્મ કંઇક જાણતા નથી અને અજાણતાં ઊંડા પાણીમાં કૂદી પડે છે.

પછી કેટલાંય અસંમતિનાં વમળોમાં ગૂંચવાય અને વાત છૂટાછેડા સુધી પહોંચે બંનેનું જીવન દુઃખમય થાય છે.

માટે જ બ્રહસ્પતિ કહે છે જોયા-જાણ્યા વિના અજાણ્યા કુળમાં કૂદકો મારી સંબંધ બાંધવા નહીં.

સુવિચાર

- દિલાસાની જરૂરત છે મને પ્રત્યેક ઠોકરમાં, પ્રભુ થોડી વાચા મૂકી દે સર્વ પથ્થરમાં, બચાવીને રહો નહીં જાતને જગના અનુભવથી, પ્રહારો એ જરુરી છે, જીવનના શિલ્પ ઘડતરમાં - જયંત શેઠ
- સાચું બોલનારને જૂઠની ખબર ન હોય એવું બની શકે છે, પણ જૂઠું બોલનારને સો ટકા સત્યની ખબર હોવી જોઇએ. - એસ. ભટ્ટાચાર્ય
- આ દુનિયાના દરેક સંબંધો સ્વાર્થ પર જ બંધાયા છે, મારે બને એટલું ઓછું દેવું છે તમારે બને એટલું વધારે લેવું છે.. ફેરવી શકાય તો આ ગણિત ફેરવી નાંખો - મુનિ ભાનુચંદ્રજી
- દુનિયામાં એક પણ સફળ વિજેતા એવો નથી જેણે શ્રેણીબદ્ધ ભૂલો ન કરી હોય, તેમણે ભૂલને દુશ્મન ગણવાને બદલે પરમ શિક્ષક માર્ગદર્શક માની તેમાંથી જ ઉકેલ મેળવ્યા છે - જ્ઞાનસૂત્ર
- હે હરિવર!! તું અમને અમારો દોષ બતાવી નિર્દોષ કરનાર.. અમે પતિત.. તું પાવન - અમે રણ તું શ્રાવણ.. - સુરેશ દલાલ
- જોખમ ઉઠાવો.. ધારો કે તમે સફળ થશો તો પ્રસન્ન થશો.. અને જો તમે નિષ્ફળ જશો તો તમે સમજદાર ચોક્કસ થશો - અઝીમ પ્રેમજી
- સંપત્તિ એટલે અપેક્ષા મુજબના તમારી પાસે પૈસા હોય એવું નહીં પણ તમારી જરૂરિયાત હોય એટલા પૈસા - પંજાબી કહેવત

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

કચ્છમાં મોટો ધરતીકંપ અને વિનાશ આવ્યા પછી હવે લોકો નાના આંચકાથી ટેવાઇ ગયા છે. હવે તો રીકટર સ્કેલના જાહેરાત થાય એના પહેલાં 'માપ' જાતે જ કહી દે છે. જૂનાં-કોઇનાં વધારે દુઃખ આગળ પોતાની નાની મુશ્કેલીને સરખાવી સાંત્વના મેળવવી જોઇએ. મારું દુઃખ આના કરતાં તો ઓછું... કંઇ જ નથી...

એક રાજા વહાણમાં બીજા દેશની સફરે જતો હતો. રસ્તામાં - દરિયામાં વાવાઝોડું - તોફાન ત્રાટક્યું. વહાણ હાલકડોલક થવા લાગ્યું.

તાજો પરણેલો ભીરું સ્વભાવનો સૈનિક ખૂબ બૂમ બરાડા પાડી બધાંમાં વધારે ગભરાટ ફેલાવતો હતો. પ્રધાને તેને શાંત રહેવા અને ભગવાનનું સ્મરણ કરવા કહ્યું. પણ તે વધારે બૂમો પાડવા લાગ્યો. પ્રધાને બીજા બે સૈનિકોને બોલાવી એને દરિયામાં જ નખાવી દીધો.. ડૂબકી ખાતો - હાથ જોડતો - જોઇ રાજાએ એને પાછો વહાણ પર લેવડાવ્યો.

પાછો આવતાં જ સૈનિક તદ્દન શાંત થઇ બેસી ગયો અને ભગવાનનું નામ લેવા લાગ્યો.

રાજાએ પ્રધાનને આ ફેરફારનું કારણ પૂછ્યું.

પ્રધાન કહે, માણસ જયારે વિકટ પરિસ્થિતિનો અનુભવ કરે ત્યારે જ એને અત્યારની સ્થિતિનો ખ્યાલ આવે. મેં એને એટલે દરિયામાં નાંખ્યો હતો...

Email - sureshchandrabhatt18@gmail.com

ગાંધી બાપુના 'સ્વદેશી' વિચાર : મિશનરીઓ ધર્માંતરણ પ્રવૃત્તિ છોડી દઇ માત્ર પરોપકારી પ્રવૃત્તિઓ ચાલુ રાખે તો વધુ ભલું ન કરી શકે?

'સ્વદેશી' એટલે શું? એ સમજાવતા અને લક્ષણ આપતા મહાત્મા ગાંધી સ્પષ્ટ કરે છે કે સ્વદેશી આપણામાં રહેલી તે ભાવના છે કે જે આપણને આપણી પાસેથી પરિસ્થિતિનો ઉપયોગ કરવા અને તેની સેવા કરવા તથા દૂરની પરિસ્થિતિનો ત્યાગ કરવા પ્રેરે છે.

સ્વદેશીનું પોતાનું વિચાર મુજબનું લક્ષણ સ્પષ્ટ કરવા સાથે વધુ દાખલો આવીને સુસ્પષ્ટ કરે છે. જો મારામાં સ્વેદશી ભાવના હોય તો ધર્મનાં વિષયમાં મારે મારા બાપદાદાના ધર્મને વળગી રહેવું જોઇએ. આમ કરવાથી મારી નિકટની ધાર્મિક પરિસ્થિતિનો ઉપયોગ કરું છું. પરંતુ જો આ દાખલામાં દર્શાવેલી 'સ્વેદશી'ની બાબતે છે જો આંતરિક દૃષ્ટિએ ખામી જણાય તો તે દૂર કરીને ધર્મની સેવા કરવી જોઇએ. એમ પણ તેઓ વ્યક્ત થાય છે. સ્વદેશીની સુસ્પષ્ટતાઓમાં પણ જો ખામી હોય તો દૂર કરવાની સ્પષ્ટતા તેઓ સોય ઝાટક્યા વગર પણ કરે છે.



'સ્વદેશી'ના સૂક્ષ્મ વિચારની બૃહદતા માત્ર ધર્મ પૂરતી નહીં પરંતુ આર્થિક બાબત સાથે પણ સંકળાયેલી હતી તેવો ઉલ્લેખ કરતાં તેઓ કહે છે કે આર્થિક દૃષ્ટિએ જો સ્વદેશીનો અભિગમ વિચારીએ તો મારી પાસે વસનારાઓએ ઉત્પન્ન કરેલી વસ્તુઓનો જ ઉપયોગ કરવો જોઇએ. જે ઉદ્યોગ-ધંધામાં ન્યુનતા જણાય તો દૂર કરવાનું અને પગભર થવાનું પણ તેઓ સૂચવે છે. આવી જ રીતે રાજકીય વિષયમાં પણ દેશી સંસ્થાઓનો જ ઉપયોગ લેવો જોઇએ અને તેની પૂરવાર થયેલી ખામીઓને કાઢી નાંખીને સેવા કરવી જોઇએ એવો મત વ્યક્ત કરે છે.

સ્વદેશીની ભાવનાની સમજ આપવા માટે તેમણે આપેલા ધર્મ અર્થકારણ અને રાજકીય બાબતના સંદર્ભમાં વધુ સ્પષ્ટતા હિન્દુ ધર્મ વિષે વધુ વાતો કરતાં સમજાવે છે ગાંધી કહે છે કે, હિન્દુ ધર્મ પરંપરાને જાળવી રાખે છે, તેથી કરીને જબરદસ્ત સત્તાવાળો થયો છે.આમ થવાનું કારણ એ છે કે હિન્દુ ધર્મના મૂળમાં સહિષ્ણુતા અને સ્વદેશીની ભાવના રહેલી છે. તે કોઇ પાસે ધર્મની ફેરબદલી કરાવતો નથી. (ધર્માંતરણ કરાવતો નથી).

સ્વેદશીની ભાવનાને લઇને હિન્દુ પોતાનો ધર્મ બદલવા ના પાડે છે. તેમ કરવામાં તેની એવી કોઇ ખાસ માન્યતા હોતી નથી કે હિન્દુ ધર્મ સર્વોત્તમ ધર્મ છે; પરંતુ તે જાણે છે કે તે પોતે તેમાં સુધારા દાખલ કરીને તેને ન્યૂનતા રહિત બનાવી શકે છે. હિન્દુ ધર્મ વિશે કહ્યું છે તે, હું માનું છું કે, જગતના બીજા મોટા ધર્મોને પણ લાગુ પડે છે. એવા ઉલ્લેખ કરતા તેઓ તે સમયે હિંદમાંથી મોટી ધર્મપ્રચારક સંસ્થાઓએ (મિશનરી સંસ્થાઓ) જે કંઇ કર્યું છે અને કરે છે તે વાસ્તે હિંદ તેમનું બહુ ઋણી છે.

મિશનરી સંસ્થાઓના હિન્દુસ્તાનમાંના કાર્યો પ્રત્યે ઋણાનુભાવ વ્યક્ત કરતાં જો કે આ સંસ્થાઓ ધર્માંતરણ કરાવવાની પ્રવૃત્તિ છોડી દઇ માત્ર પરોપકારી કાર્યો ચાલુ રાખે તો શું તેઓ વધારે ભલું ન કરી શકે? અને ખ્રિસ્તી ધર્મના મૂળ તત્ત્વની સેવા વધારે સારી રીતે ન કરી શકે? આવો વેધક સવાલ ખડો કરતાં અત્યંત સૌમ્યતાથી કહે છે આમ કહેવા માટે તમે મને ઉદ્દત નહીં લખો.

આટલી વાત પછી હવે સ્પષ્ટ કહેવું પડે કે મિ. ગાંધી આ વાતો મદ્રાસમાં મળેલી મિશનરી પરિષદમાં પોતાના ભાષણમાં કરી હતી.

ખ્રિસ્તી પાદરીઓની આ સભામાં પોતે કહેલી વાતો રજૂ કરવા માટે મેં અધિકાર મેળવ્યો છે એવો સહૃદયી ઉદ્ગાર કાઢતા કહે છે. બાઇબલનો અભ્યાસ કરવા મેં પ્રયત્ન કર્યો છે. બાઇબલની મારા ધર્મગ્રંથોમાં ગણતરી કરું છું એવી લાગણી વ્યક્ત કરતાં તેઓ કહે છે 'સર્મન્ ઓન ધિ માઉંટ' ના રહસ્યે લગભગ 'ભગવદ્ગીતા' જેટલી જ અસર કરી છે. 'લીડ કાઇન્ડેલી લાઇટ' અને તેના જેવા બીજા પદો ભક્તિપૂર્વક ગાવામાં હું કોઇ ખ્રિસ્તીથી ઊતરું એમ નથી.

ખ્રિસ્તી ધર્મના જુદા જુદા સંપ્રદાયોના ધર્મ પ્રચારકોના સમાગમમાં આવ્યો છું અને ઘણાં સાથે આજે પણ મિત્રતા ભોગવવા ભાગ્યશાળી થયો છું એવો ઉલ્લેખ કરતા કહે છે કે આટલી વાત પરથી તમે એ માન્ય કરશો કે ઉપરની સૂચના એક ધર્માંધ હિન્દુ પેઠે નથી કરી, પરંતુ ખ્રિસ્તી ધર્મ માટે માન ધરાવનાર એક નમ્ર અને નિષ્પક્ષપાત ધર્મના વિદ્યાર્થી તરીકે કરી છે.

આટલું કહ્યા પછી ગાંધી તાર્કિક પ્રશ્ન કરે છે 'ગો યી અન્ટુ ઓલ ધિ વર્લ્ડ' (એટલે કે તમે આખી દુનિયા સુધી પહોંચો) - એ સંદેશ કંઇક સંકુચિત રીતે સમજવામાં આવ્યો હોય અને તેનો ભાવ ભૂલાઇ જવાયો હોય? આની તો ના નહીં જ પાડવામાં આવે. એમ કહીને ગાંધી ઘણું બધું અર્થસૂચક વાત મિશનરીઓ સમક્ષ વ્યક્ત કરે છે.

(સંદર્ભ: ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, ૧૬૯, મિશનરી પરિષદમાં ભાષણ, પૃષ્ઠ: ૨૦૨)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

આપનો ખોરાક, રહેણીકરણી અને વાતાવરણ આપની ઉંમર નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે

તંદુરસ્ત સમાજ

- રાજેશ એસ. પટેલ

ગયા અંકોમાં આપણે રોગ મુક્ત રહેવાની વિવિધ પેથીઓથી લઇ પ્રાણીઓના બચ્ચા અને દૂધ, કુદરતની પ્રાણીઓ અને વનસ્પતિ જગતને જોડતી અજાયબી વિગેરે વિષે વાતો કરી.

ગયા અંકમાં આપને જોયું કે વનસ્પતિ પ્રાણીઓ માટે પ્રાણ વાયુ બનાવે છે અને પ્રાણીઓ વનસ્પતિ માટે અંગાર વાયુ બનાવે છે. અને બંને જીવ અરસ પરસ એક બીજાને જીવન જીવવામાં મદદ કરે છે. વનસ્પતિમાં રહેલું ક્લોરોફીલ અને પ્રાણીઓમાં રહેલા હિમોગ્લોબીન વિષે પણ જોયું.

આજે આપને કુદરતે વનસ્પતિ અને પ્રાણીઓ માટે ગોઠવેલી અદભૂત બીજી વધુ અજાયબીઓ વિષે વધુ વાતો કરીશું.

ભગવાને આ સૃષ્ટી ઉપર જીવતા દરેક જીવ માત્ર માટે જીવન જીવવા માટે જરૂરી દરેક વ્યવસ્થા કરી રાખી છે. અને તે વ્યવસ્થાના ભાગ રૂપે દરેક જીવ તેનું પૂરું જીવન પૂરું કરે છે.

દરેક જીવ માટે તેનું આયુષ્ય તેના જન્મ સમયે કુદરતે તેના જીન્સમાં પ્રોગ્રામ કરેલું હોય છે અને દરેક જીવ પછી તે સુક્ષ્મતમ બેક્ટેરિયાથી લઇ જમીન પર રહેતા હાથી જેવા અને પાણીમાં રહેતી વ્હેલ જેવા મહાકાય જીવ હોય. દરેક જીવ તેના નક્કી કરેલા આયુષ્ય સાથે પૂરું કરે છે. સિવાય કે માંસાહારી પ્રાણી દ્વારા તેનો શિકાર કરવામાં ન આવે.

પરંતુ મોટા ભાગે આજના માનવીના જીવનમાં આ બનતું નથી. મોટા ભાગના માનવી તેનું કુદરતે આપેલું જીવન પૂરું કરી શકતો નથી. કુદરતે આપેલું પ્રોગ્રામ કરેલું જીવન પૂરું કરી શકવા માનવી અસમર્થ બનતો જાય છે. બહુ ઓછા માનવીઓ તેમના ભાગ્યમાં જીવન પૂરું કરી શકે છે અને કુદરતી મૃત્યુને પામે છે.

એવું કહેવાય છે કે સતયુગમાં હજારો વર્ષનું આયુષ્ય માનવીઓ ભોગવી શકતા હતા અને આજે કળીયુગમાં માનવી તેના આયુષ્યને લઈને ટૂંકા જીવન વાળો બનતો જાય છે.

આટઆટલી શરીર શાસ્ત્ર માટેની પદ્ધતિઓ, હોસ્પિટલો, ડોકટરો, વૈધો, દવાઓ, સંશોધનો, આધુનિક સગવડો વગેરે હોવા છતાં માનવીની લાઈફ ટૂંકી થતી જાય છે. માનવી તેનું કુદરતી આયુષ્ય પણ ભોગવી શકતો નથી. આવું કેમ ?

બીજા પ્રાણીઓ તેમની કુદરતી ઉંમર પૂરી કરી મૃત્યુ પામે અને મોટાભાગના માનવી કુદરતી ઉંમર પહેલા જ મૃત્યુ પામે.

પહેલા તો એ સમજીએ કે કુદરતી મૃત્યુ શું છે. આપની ઉંમર કોણ નક્કી કરે છે. શું ભગવાન નક્કી કરે છે?

દરેક પ્રાણીના જીવનની ઉંમરની મુદત નક્કી કરવા માટે ઉકાંતિ વાદ સાચો હોય તેવું લાગે છે. પ્રાણીઓના એક પછી એક પેઢી દર પેઢી તેમની રહેણી કરણી ખોરાક અને વાતાવરણ તેમની ઉંમર નક્કી કરવામાં મહત્વનો રોલ ભજવે છે. અને લાંબી પેઢીઓ પછી ઉંમરમાં વધારો ઘટાડો થતો રહે છે.

આજે દુનિયામાં જોઇશું તો એક જ પ્રકારના જીવોમાં જે જીવ ઠંડા પ્રદેશોમાં રહે છે તે પ્રાણીઓનું આયુષ્ય લાંબુ હોય છે અને ગરમ પ્રદેશોમાં રહેવા વાળા એજ પ્રકારના જીવનું આયુષ્ય ટૂંકું હોય છે. આના પાછળ પણ વૈજ્ઞાનિક કારણો છે. કારણકે ગરમ પ્રદેશોમાં રોગ કરવા વાળા સુક્ષ્મ જીવાણુઓનો ઉપદ્રવ વધુ હોય છે અને તેથી પ્રાણીઓ જલ્દી મોતને ભેટે છે અને ઠંડા પ્રદેશોમાં સુક્ષ્મ જીવાણુઓનો ઉપદ્રવ ઓછો હોય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સાહિત્ય સર્જક : વડોદરાના હરીશ વટાવવાલા સાથે મુલાકાત

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

પ્રશ્ન : હરીશભાઇ આપનું મૂળ નામ, પિતાનું નામ, જ્ઞાતિ અને પિતાનો ધંધો અને આપનું કાર્યક્ષેત્ર જણાવશો?

હરીશ : નટવરભાઇ, વ્યક્તિની સામાન્ય ઓળખ નામથી થાય છે. વિશેષ ઓળખ ધંધા-વ્યવસાયથી થાય છે. મારું મૂળનામ હરિશ્ચંદ્ર અમૃતલાલ બ્રહ્મભટ્ટ. પિતાનો વ્યવસાય ખેતી અને મારો વ્યવસાય : ગુજરાત હાઉસિંગ બોર્ડમાં સેવાનિવૃત્ત થયો ત્યાં સુધી નોકરી. પરંતુ આપ એ કાર્યક્ષેત્ર વિશે પણ જાણવાની ઇચ્છા દર્શાવી છે. તો કાર્યક્ષેત્ર ૧૯૬૫ થી ૧૯૭૭ દરમિયાન અમદાવાદ અને ૧૯૭૭થી આજ પર્યંત વડોદરામાં સ્થાયી થયો. સાહિત્યસર્જકનને વેગ મળ્યો.

પ્રશ્ન : આપએ સાહિત્યસર્જન ક્યારથી શરું કર્યું?

હરીશ : હું ધોરણ-૯માં અમદાવાદની એચ.બી. કાપડીયા ન્યૂ હાઇસ્કૂલમાં ભણતો હતો ત્યારે ૧૯૬૨માં શાળાનું અઠવાડિક સાહિત્યિક ભીંતપત્ર ચલાવતો હતો. આ ભીંતપત્રમાં અગત્યના સમાચાર, કવિતા, લેખ, ટૂંકી વાર્તા, ઘટના વગેરેને સુંદર રીતે તૈયાર કરતો અને તેમાં કેટલાંક દૈનિકો વૃત્તપત્રમાંથી ફોટા, ચિત્રો વડે એની સજાવટ કરતો હતો. તેમાં હું મારી કવિતા પણ પ્રગટ કરતો હતો અને વિદ્યાર્થી તરફથી આવતા સાહિત્યને પણ પ્રગટ કરતો હતો. તે ઉપરાંત મારી જ્ઞાતિનાં સામયિકો : 'બ્રહ્મભટ્ટ યુવક' અને 'ભટ્ટ ભાસ્કર'માં મારી વાર્તાઓ અને કવતાઓ પ્રગટ થતી હતી. તે સમયે પણ મારું સાહિત્યક્ષેત્રે જાણીતું થયેલું નામ હરીશ વટાવવાળા જ લખતો હતો. વિદ્યાર્થી હરિશ્ચંદ્ર બ્રહ્મભટ્ટનું નહિ.

પ્રશ્ન : આપએ હરીશ વટાવવાળા નામ લખવાનું કેમ પસંદ કર્યું ?

હરીશ : વટાવ એ મારું જન્મ સ્થળ છે, મારું વતન છે. જે પેટલાદ તાલુકાનું અને આનંદ જિલ્લાનું નાનકડું ગામ છે. પરંતુ નામની પાછલ વટાવવાળાને જોડવાનું બીજું એક કારણ છે : મારા પિતા પણ સાહિત્યસર્જક હતા. જે અ.મો. વટાવવાળાના નામે કવિતા, ટૂંકી વાર્તાઓ અને સાહિત્યક લેખો 'બુદ્ધિ પ્રકાશ', 'સ્ત્રી બોધ', 'સ્ત્રી જીવન', 'પથિક' વગેરે સામયિકોમાં પ્રગટ કરતાં હતા અને માતા કમળાબહેન બ્રહ્મભટ્ટ પણ ટૂંકી વાર્તાઓ લખતાં હતા. જે 'સ્ત્રી બોધ', 'સ્ત્રીજીવન' સામયિકોમાં પ્રગટ થતી હતી. એટલે એમ કહી શકાય કે મારામાં જે સાહિત્યસર્જનનું ઝરણું ફુટ્યું તે તો મારાં મા-બાપની પ્રેરણાથી જ. જેની નોંધ 'ગુજરાત સાહિત્ય પરિષદ' દ્વારા પ્રગટ થયેલ સાહિત્ય કોશમાં પ્રગટ થયેલ છે.

પ્રશ્ન : એવું કયું પ્રેરકબળ હતું કે આપને સાહિત્યકાર બનાવ્યા?

હરીશ : પ્રેરકબળ તો માતા-પિતાના સાહિત્યિક સંસ્કાર જે ઉપરના જવાબમાં આવી જાય છે. તેમ છતાં એટલું તો જરુર કહું કે મારું ઘડતર ગ્રામ પરિવેશમાં થયુ છે. મારો ઉછેર શરુઆતમાં ગામડામાં જ થયો છે. આ ગ્રામ પરિવેશની સ્મૃતિઓ, રીત-રિવાજો, ઘટનાઓ, તહેવારો પ્રસંગો વગેરે મારા સાહિત્યસર્જનમાં ખપમાં આવ્યાં છે. તેનું પ્રતિબિંબ મારી કવિતામાં, નવલકથામાં, ટૂંકી વાર્તાઓમાં અને નિબંધમાં પડતું જોઇ શકાય છે.

પ્રશ્ન : પ્રથમ કવિ કઇ? વાર્તા કઇ? સમીક્ષા કઇ? નવલકથા કઇ?

હરીશ : મારી પ્રથમ કવિતા 'કુમાર' સામયિકમાં પ્રગટ થઇ હતી. ૧૯૬૪માં જવાહરલાલ નહેરુનું અવસાન થતાં તેમને શ્રદ્ધાંજલિ અર્પતું એ કાવ્ય હતું. એપ્રિલ ૧૯૬૯માં પ્રથમ વાર્તા 'વળાંક' જે 'ગુજરાત સમાચાર' દૈનિક વૃત્તપત્રના 'શ્રીરંગ' સામયિકમાં પ્રગટ થઇ હતી અને પ્રથમ સમીક્ષા ૧૯૮૦માં 'વડોદરા સમાચાર'ની અઠવાડિક પૂર્તિમાં પ્રગટ થતી હતી. જે શ્રીમતી દક્ષા દેસાઇની પ્રથમ નવલકથા 'સુખનાં શાહમૃગો' (૧૯૭૯). આ નવલકથા ગ્રંથસ્થ થતાં પહેલાં 'ગુજરાત સમાચાર'ના 'શ્રી' સાપ્તાહિકમાં ધારાવાહિક પ્રગટ થઇ હતી. મારી પ્રતમ નવલકથા 'ઓળખતી ભીનાશનાં મૃગજળ' સને ૧૯૯૧માં 'ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ. વડોદરા' દ્વારા પ્રગટ થઇ છે.

મોરારિ બાપુ પ્રેરિત અસ્મિતાપર્વનું સંભારણું

પ્રશ્ન : શાળા-કોલેજમાં સાહિત્યમાં ઇનામો, પારિતોષિકો મળ્યાં હતાં?

હરીશ : ત્યારે મને મારા સાહિત્યને જુદાં જુદાં સામયિકોમાં પ્રગટ કરવામાં રસ હતો. તે સમયે મારી શ્રીરંગ, અખંડ આનંદ, આરામ, દૃષ્ટિ, પથિક, ભટ્ટ ભાસ્કર અને બ્રહ્મભટ્ટ યુવક જેવા સામયિકોમાં તેમજ 'ખેડા વર્તમાન, આગે કદમ, લોકમત, ગુર્જર સંદેશ, સ્ત્રી, શ્રી' વગેરેમાં સાપ્તાહિક સમાચારપત્રોમાં પ્રગટ થતી હતી. મારી ભૂતકથા 'મધરાતના મહેમાન' ટૂંકી વાર્તા ઓગષ્ટ ૧૯૮૦માં 'સવિતા સામયિક'માં પ્રગટ થતી હતી. જેને 'જાસુસ કથા' વિભાગમાં વિભાગીય પ્રથમ અને વાર્તા હરિફાઇની દ્વિતીય વાર્તા તરીકે ઇનામને પાત્ર ઠરી હતી. જેની નોંધ 'સવિતા' સામયિકમાં પ્રગટ થઇ હતી.

પ્રશ્ન : 'ગુજરાત હાઉસિંગ બોર્ડ' જેવા વ્યસ્ત નિગમમાં નોકરી હોવા છતાં આપ કવિ, વાર્તાસર્જક, નવલકથાસર્જક, વિવેચક અને ઉત્તમ વક્તા કેવી રીતે બન્યાં?

હરીશ : નટવરભાઇ, વ્યક્તિ કોઇ પણ ક્ષેત્રમાં કાર્ય કરતો હોય, પરંતુ એની શ્રદ્ધા, ધગશ, લગની, અને સમય ફાળવવાની આવડત વ્યક્તિ પાસે ગમે તેવું અશક્ય કામ પણ શક્ય બનાવે છે. નોકરીના સમયે માત્રને માત્ર હું નોકરીને જ વફાદાર રહેતો હતો. સાહિત્યનું સર્જન સવારે છ થી નવ વાગ્યા સુધી અને રાત્રે નવથી બાર વાગ્યા સુધી કરતો હતો. સને ૨૦૦૦માં મેં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. તે પણ સાહિત્યના સર્જન માટે જ. આજે પણ હું સવારે સાત વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધી સાહિત્યસર્જન અને વાંચનમાં જ વિશેષ રીતે અને વિશાળ પ્રમાણમાં પ્રગટ થાય છે. સને ૨૦૦૭ સુધીમાં મારા સાત પુસ્તકો જ પ્રગટ થતા હતા. પરંતુ ૧ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ મારા હૃદયની બાયપાસ સર્જરી થયા પછી સને ૨૦૧૫ સુધીમાં ૪૪ પુસ્તકો પ્રગટ થતાં છે.

પ્રશ્ન : આપના પ્રકાશિત પુસ્તકો કેટલાં છે? ક્યાં પુસ્તકની ગૌરવપ્રદ આવૃત્તિ થઇ છે?

હરીશ : જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં ૪૪ પુસ્તકો પ્રગટ થયાં છે. તેમાં ૨૦૦૯માં પ્રગટ થયેલ 'કાર્યક્રમનું સંચાલન કેવી રીતે કરસો?' ની ૨૦૧૪ સુધીમાં બાર આવૃત્તિ થઇ છે, અને લગભગ એક લાખ ઉપર તેની પ્રતોનું વેચાણ થયેલ છે. તે ઉપરાંત 'અશક્યને શક્ય બનાવો'ની ૨૦૦૬ પછી આઠ આવૃત્તિ થઇ છે. 'વિક્રમ વેતાળની કિશોર કથાઓ'ની ૨૦૦૫ થી ૨૦૧૪ સુધીમાં ચાર આવૃત્તિ થઇ છે.

પ્રશ્ન : સન્માન અને એવોર્ડ્સની યાદી ક્રમઃસર

હરીશ : સાત એવોર્ડ્સ અને ૧૩ સન્માન-પારિતોષિકો પ્રાપ્ત થયેલ છે તેમાં મુખ્યતઃ તો :

- કલ્ચર સોસાયટી ઓફ ઇન્ડિયા - નડિયાર દ્વારા 'ગુજરાત રાજય સ્થાપના દિન : ૧લી મે ૨૦૧૧ નિમિત્તે 'ગુજરાત ગૌરવ પારિતોષિક - ૨૦૧૧' (સ્થળ : નડિયાદ)
- કલ્ચર સોસાયટી ઓફ ઇન્ડિયા - નડિયાર દ્વારા 'ચરોત્તર ગૌરવરત્ન એવોર્ડ - ૨૦૧૧' (સ્થળ નડિયાદ)
- કમળાશંકર ફાઉન્ડેશન - વડોદરા દ્વારા 'સાહિત્યકાર એવોર્ડ - ૨૦૧૦' (સ્થળ : વડોદરા)
- સદ્વિદ્યા શિક્ષણ સમાજ ટ્રસ્ટ - નડિયાદ દ્વારા 'ગોવર્ધનરામ ત્રિપાઠી સાહિત્યકાર એવોર્ડ-૨૦૧૧'
- 'હ્યુમન સોસાયટી ઓફ ઇન્ડિયા ' નડિયાદ દ્વારા 'વિશ્વનાથ મગનલાલ ભટ્ટ અવોર્ડ - ૨૦૧૧ - વિવેચનગ્રંથ 'અનાગત' માટે.' ગુજરાતી ફિલ્મ નિર્માતા-નિર્દેશક અને જાણીતા ઉર્દૂ - ગુજરાતી ગઝલકાર ખલીલ ધનતેજવીના વરદ હસ્તે. (સ્થળ : તલોદ)
- ખેડા જિલ્લા સાહિત્યસંઘ : નડિયાદ દ્વારા 'નડિયાર ગૌરવ પારિતોષિક - ૨૦૦૯'
- બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ - વડોદરા દ્વારા જ્ઞાતિના વરિષ્ઠ સાહિત્યસર્જન સન્માન - ૨૦૦૩

(સ્થળ : દાજીભાઇ બ્રહ્મભટ્ટ છાત્રાલય, કારેલી બાગ - વડોદરા)

પ્રશ્ન : આપ એ જિંદગીનાં પાછલાં વર્ષોમાં સાહિત્યનું સર્જન વિશેષ કર્યું છે. તેમાંય ખાસ તો ૨૦૦૭ની ૧લી ફેબ્રુઆરીએ હૃદયની બાયપાસ સર્જરી થયા પછી તો સાહિત્યસર્જનની ઝડપ વધી ગઇ છે. જે આપના પ્રગટ થયેલ ગ્રંથોની યાદી જોતાં જણાય છે. તો આપ ૬૭ વર્ષની વયે સતત સાહિત્ય સર્જકન કરતાં થાક નથી અનુભવતા?

હરીશ : જે વ્યક્તિની કાર્ય પ્રત્યે પ્રેમ અને નિષ્ઠા હોય તેને થાક ક્યારેય લાગતો નથી.

પ્રશ્ન : આપના જીવનનો સુખદ એક પ્રસંગ અને દુઃખદ એક પ્રસંગ કયો છે?

હરીશ : સને ૧૯૮૩માં 'સૂરજ ઉગવાની ક્ષણ' પ્રગટ થયો અને તેનો લોકાર્પણ પદ્મશ્રી કવિ સિતાંશું યશંચદ્ર મહેતાના વરદહસ્તે તા. ૨૦ ઓગસ્ટ ૧૯૮૩માં રોજ 'પ્રેમાનંદ સાહિત્ય સભા - વડોદરામાં ઉજવાયો.' તે મારા જીવનનો સુખદ પ્રસંગ અને તા. ૩ ફેબ્રુઆરી ૧૯૮૨માં રોજ ૬૨ વર્ષની વયે પિતાનું હાર્ટ એટેકથી અવસાન થયું તે દુઃખદ પ્રસંગ.

પ્રશ્ન : ગુજરાતી સાહિત્યમાં આપ શું કરવા ઇચ્છો છો?

હરીશ : ગુજરાતી ભાષા અને સાહિત્યનો સતત વિકાસ થાય,

ગુજરાતી સાહિત્યનો અનેક ભાષામાં અનુવાદ થાય અને ગુજરાતી સાહિત્ય આંતરરાષ્ટ્રીયક્ષેત્રે પોંખાય તેવી ઇચ્છા છે, તેમજ મારા દ્વારા જીવનના અંત સુધી સાહિત્યનું સર્જન થયા કરે - એ જ ઇચ્છા છે.

પ્રશ્ન : ગુજરાતી યુવા કવિ, લેખકોને આપનો સંદેશો કયો છે?

હરીશ : સતત લખતા રહો, એક દિવસ તો આપણો જ છે.

હરીશ વટાવવાલા ● સાથે સંપર્ક કરી શકાય છે.
'અક્ષરા', એ/૬૦ વિષ્ણુ કુંજ-૧,
રાજેશ ટાવર પાછળ
ગોત્રી રોડ, વડોદરા - ૨૩
ફોન : (૦૨૬૫) ૨૩૯૭૨૭૮ (ઘર)
મો. ૯૫૭૪૧૧૮૩૬૯